



**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in




# ગધેડાનું ઈંડું

એક સરસ મજાનું નાનું ગામ હતું. આ ગામમાં ચંદુ નામનો એક ખેડૂત રહેતો હતો. ચંદુ દિલનો ખૂબ ભોળો અને સીધો હતો, પણ બુદ્ધિના મામલામાં સાવ કાચો હતો. ગામના લોકો ઘણીવાર તેની ભોળપનો ફાયદો ઉઠાવી જતા. ચંદુના ખેતરમાં ઘણો સામાન ઉંચકવો પડતો, એટલે તેને થયું કે જો એક સારું અને મજબૂત ગધેડું મળી જાય, તો મારું કામ ઘણું આસાન થઈ જાય.

એક દિવસ ચંદુ હાથમાં થોડા રૂપિયા લઈને બાજુના મોટા નગરમાં ભરાતા પશુ બજાર તરફ નીકળ્યો. બજારમાં તો ભારે ભીડ હતી. ઘોડા, ગાયો, ભેંસો અને ગધેડાઓની લે-વેચ ચાલી રહી હતી. ચંદુએ આખા બજારમાં ચક્કર માર્યા, પણ સારા ગધેડાના ભાવ આસમાને હતા. ચંદુ પાસે જેટલા પૈસા હતા, તેમાં કોઈ વેપારી ગધેડું આપવા તૈયાર નહોતો. બપોર થવા આવી એટલે ચંદુ થાકી-હારીને એક ઘટાદાર વડના ઝાડ નીચે બેઠો. બરાબર એ જ ઝાડની બાજુમાં એક શાકભાજીનો ચાલાક વેપારી પોતાનો લારી લઈને બેઠો હતો. તેની લારીમાં મોટા-મોટા, ગોળ અને એકદમ લીલાછમ કોળા રાખેલા હતા. ચંદુના ગામમાં આવા મોટા કોળા થતા નહોતા, એટલે ચંદુ તો આંખો ફાડીને એ લીલી વસ્તુને જોઈ જ રહ્યો. તેનાથી રહવાયું નહીં એટલે તે લારીવાળા પાસે ગયો અને આશ્ચર્યથી પૂછ્યું, “અરે ભાઈ! આ ગોળ-ગોળ, લીલું અને આટલું મોટું અજાયબ વસ્તુ શું છે? મેં જિંદગીમાં આવું ક્યારેય જોયું નથી!”




પેલો ચાલાક વેપારી ચંદુનો ચહેરો અને તેની ભોળપ જોઈને તરત સમજી ગયો કે આ માણસ બહુ સીધો છે અને આને મૂરખ બનાવીને ખિસ્સું ખાલી કરવાનો આ સુવર્ણ મોકો છે. વેપારીએ આજુબાજુ જોયું અને મોં પર આંગળી મૂકીને ધીમેથી કહ્યું, “અરે ભાઈ, જરા ધીમે બોલો! આ કોઈ સામાન્ય વસ્તુ નથી. આ તો બહુ કિંમતી અને દુર્લભ વસ્તુ છે. આ ‘ગધેડાનું ઈંડું’ છે!” “ગધેડાનું ઈંડું?!” ચંદુની આંખો તો આશ્ચર્યથી ચકળવકળ થઈ ગઈ. વેપારીએ વાત લંબાવતા કહ્યું, “હા ભાઈ! આ ખાસ જાતનું ઈંડું છે. આને તું ઘરે લઈ જા, રૂના ઢગલામાં બરાબર સાચવીને રાખ અને રોજ રાત્રે એને હૂંફ આપ. બરાબર પંદર દિવસ પછી આ ઈંડું તૂટશે અને તેમાંથી ગધેડાનું એકદમ તેજસ્વી, રૂપાળું અને તાકાતવર બચ્ચું બહાર આવશે. તારે બજારમાંથી મોંઘા ગધેડા ખરીદવાની કોઈ જરૂર જ નહીં પડે!”

ચંદુના મનમાં તો લાડુ ફૂટ્યા. તેને થયું કે મોંઘું ગધેડું ખરીદવા કરતાં આ સસ્તું ઈંડું લઈને ઘરે જ ગધેડું ઉછેરવું સારું! તેણે વેપારી સાથે ભાવતાલ કર્યો અને પોતાના ખિસ્સામાં રહેલા બધા જ રૂપિયા વેપારીને આપી દીધા. વેપારીએ મનોમન હસતાં-હસતાં એક મોટું કોળું ચંદુના હાથમાં સોંપી દીધું. ચંદુ તો જાણે આખી દુનિયાનો ખજાનો મળી ગયો હોય તેમ ખુશ થતો-થતો કોળું માથા પર મૂકીને પોતાના ગામ તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં તે મનમાં ને મનમાં ગણતરીઓ કરતો હતોઃ “બચ્ચું બહાર આવશે એટલે એને લીલો ઘાસ ખવડાવીશ, મોટું થશે એટલે એની પર સવારી કરીશ અને મારું બધું કામ ચપટીમાં થઈ જશે!”

ચાલતાં-ચાલતાં રસ્તામાં એક ઘાટી ઝાડીઓવાળું જંગલ આવ્યું. બપોરનો સમય હતો અને ચંદુ થાક્યો હતો. અચાનક એક પથ્થર સાથે તેનો પગ અથડાયો અને તેનો બેલેન્સ બગડ્યો. ચંદુ જમીન પર પટકાયો અને તેના માથા પરથી પેલું મોટું કોળું છટકીને સીધું બાજુની ઊંડી અને કાંટાળી ઝાડીમાં જઈને પડ્યું. કોળું એકદમ પાકેલું હતું, એટલે ઝાડીના પથ્થરો સાથે અથડાતાં જ તેના કડકા થઈ ગયા અને મોટો અવાજ આવ્યો–‘ફટાક!’ હવે આશ્ચર્યની વાત એ હતી કે એ જ ઝાડીની પાછળ એક નાનું અને ધોળું ધોળું સસલું શાંતિથી સૂતું હતું. અચાનક આટલો મોટો અવાજ થતાં અને કોળાના ટુકડા પોતાની માથે પડતાં સસલું બહુ ખરાબ રીતે ડરી ગયું. તે પોતાની જાન બચાવવા માટે ઝાડીમાંથી બહાર નીકળીને રોકેટની ગતિએ ખુલ્લા મેદાન તરફ ભાગવા લાગ્યું. બીજી તરફ, ચંદુએ જેવો આંખો ચોળતા ઊભા થઈને જોયું, તો કોળું ગાયબ હતું અને તેની જગ્યાએથી એક નાનું ધોળું પ્રાણી વીજળીની ઝડપે ભાગી રહ્યું હતું. મૂર્ખ ચંદુને એમ જ લાગ્યું કે કોળું (એટલે કે ઈંડું) પડવાને કારણે ફૂટી ગયું છે અને તેમાંથી ગધેડાનું બચ્ચું હમણાં જ તાજું-તાજું બહાર નીકળીને ભાગી રહ્યું છે! ચંદુ પણ પોતાની ધોતી ઊંચી કરીને સસલાની પાછળ જોરજોરથી દોડવા

**પેલો ચાલાક વેપારી ચંદુનો ચહેરો અને તેની ભોળપ જોઈને તરત સમજી ગયો કે આ માણસ બહુ સીધો છે અને આને મૂરખ બનાવીને ખિસ્સું ખાલી કરવાનો આ સુવર્ણ મોકો છે**

લાગ્યો. તે દોડતાં-દોડતાં બૂમો પાડતો હતોઃ “અરે ઊભું રહે... ઊભું રહે મારા વહાલા ગધેડાના બચ્ચા! આમ જંગલમાં ક્યાં ભાગે છે? હું તારો માલિક છું, હું તારો બાપ છું! ઊભું રહે!” પણ સસલું ક્યાં ચંદુના હાથ આવે? એ તો થોડી જ સેકન્ડોમાં ઝાડી-ઝાંખરામાં થઈને ક્યાંય ગાયબ થઈ ગયું. ચંદુ દોડી-દોડીને હાંફી ગયો. આખરે તે એક પથ્થર પર બેસી પડ્યો અને કપાળે હાથ દઈને રડવા જેવો થઈ ગયો. તેણે લાંબો શ્વાસ લીધો અને પસ્તાવો કરતાં બોલ્યો, “અરેરે! વિધાતાએ મારી સાથે આ કેવી રમત કરી! મારું ગધેડાનું બચ્ચું કેટલું તેજસ્વી, સ્ફૂર્તિલું અને ફાસ્ટ હતું! હજી તો ઈંડામાંથી હમણાં જ બહાર નીકળ્યું હતું, તોય પવનની વેગે દોડતું હતું. જો નાનપણમાં આટલું સુપરફાસ્ટ દોડતું હોય, તો મોટું થઈને તો એ વાવાઝોડાને પણ પાછળ પાડી દેત! મારી જ ભૂલ થઈ કે મારાથી ઈંડું ફૂટી ગયું...” ચંદુ ખાલી હાથે, ધૂળથી ખરડાયેલો અને ઉદાસ મોઢે પોતાના ગામ પાછો ફર્યો. ગામના લોકોએ જ્યારે તેની આ ‘ગધેડાના ઈંડા’ વાળી વાત સાંભળી, ત્યારે આખું ગામ પેટ પકડીને હસી પડ્યું!

## નથી મગજ કે નથી હૃદય, છતાં સમુદ્રમાં હજારો વર્ષથી જીવે છે આ જીવો




સમુદ્રની ઊંડાઈમાં આજે પણ એવા કેટલાય રહસ્યો છુપાયેલા છે, જેના વિશે જાણીને વૈજ્ઞાનિકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ જ રહસ્યમય જીવોમાં કેટલાક એવા દરિયાઈ જીવો સામેલ છે, જેમની પાસે મગજ પણ નથી હોતું, પરંતુ તેમ છતાં તેઓ વર્ષોથી જીવતા રહ્યા છે અને દરિયાઈ દુનિયામાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. સાંભળવામાં આ વાત ભલે અજીબ લાગે, પરંતુ સમુદ્રમાં જોવા મળતા સ્પોન્જ, જેલીફિશ અને સ્ટારફિશ જેવા કેટલાય જીવો વિકસિત મગજ વગર પણ પોતાનું જીવન સરળતાથી જીવે છે.

વૈજ્ઞાનિકોના મતે આ જીવોનું શરીર માણસો અને અન્ય પ્રાણીઓની જેમ કામ નથી કરતું. દરિયાઈ સ્પોન્જને પૃથ્વીના સૌથી જૂના જીવોમાં ગણવામાં આવે છે. તેમની પાસે નથી મગજ હોતું કે નથી હૃદય હોતું, છતાં તેઓ સમુદ્રની અંદર હજારો વર્ષ સુધી જીવતા રહી શકે છે. સ્પોન્જ પોતાના શરીરમાં રહેલા નાના-નાના છિદ્રો દ્વારા પાણીને ગાળે છે અને તેમાંથી જ ખોરાક તથા ઓક્સિજન મેળવે છે. તેમનું આખું શરીર કોષોના નેટવર્કની જેમ કામ કરે છે, જે મગજ વગર પણ જરૂરી પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરતું રહે છે.



બીજી તરફ જેલીફિશ પણ વૈજ્ઞાનિકો માટે કોઈ રહસ્યથી કમ નથી. તેમની પાસે પરંપરાગત મગજ નથી હોતું, પરંતુ ચેતાઓનું એક સાધારણ નેટવર્ક હોય છે, જે તેમને તરવામાં, ખોરાક પકડવામાં અને ખતરાનો અહેસાસ કરવામાં મદદ કરે છે. આ જ કારણ છે કે મગજ વગર પણ તેઓ સમુદ્રમાં ખૂબ જ સફળ જીવ માનવામાં આવે છે. જેલીફિશની કેટલીક પ્રજાતિઓ તો એવી છે જેને અમર જેલીફિશ કહેવામાં આવે છે, કારણ કે તેઓ પોતાની જાતને ફરીથી યુવા અવસ્થામાં બદલી શકે છે. સ્ટારફિશ પણ મગજ વગરના જીવોની યાદીમાં સામેલ છે.

તેમના શરીરમાં કોઈ કેન્દ્રીય મગજ નથી હોતું, પરંતુ તેમની પાસે એક જટિલ ચેતાતંત્ર હોય છે જે તેમને દિશા ઓળખવામાં અને શિકાર શોધવામાં મદદ કરે છે. ખાસ વાત એ છે કે જો સ્ટારફિશનો કોઈ ભાગ કપાઈ જાય, તો તે ફરીથી ઊગી શકે છે.

## હેપ્પી બર્થડે




નામ : વૈશ્વી પટેલ
માતા : શીતલ પટેલ




નામ : હર્ષ સાલવિ
માતા : શીતલ સાલવિ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | | 5 | | 1 | | 3 | 15 |
| 2) | 7 | | 8 | | 1 | | 2 | 8 |
| 3) | 2 | | 7 | | 8 | | 4 | 68 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| P | I | E |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 3 |
| 5 | | |
| | | 8 |

(વર્તુળો: ઉપરની હરોળ 17, 20; નીચેની હરોળ 18, 23)

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને શહેરની 7 હોટલના નામ બનાવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| PR | AJ | EW | EME | YU | AL |
| HA | KW | AR | VI | AM | MA |
| VR | KH | CH | SA | LA | |
| IS | AN | KE | SU | ITY | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 6 અક્ષર | 4 |
| 7 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |

ચાવી
1. YUVRAJ
2. AMISHA
3. MACHAN
4. SAHKAR
5. KWALITY
6. SUPREME
7. LAKEVIEW

### જવાબો

Q1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | × | 5 | × | 1 | ÷ | 3 | = | 15 |
| 2) | 7 | + | 8 | + | 1 | ÷ | 2 | = | 8 |
| 3) | 2 | + | 7 | + | 8 | × | 4 | = | 68 |

Q2

| | | |
|---|---|---|
| L | A | D |
| L | I | D |
| L | I | E |
| P | I | E |

Q3

| | | |
|---|---|---|
| 1 | 9 | 3 |
| 5 | 2 | 6 |
| 4 | 7 | 8 |

(વર્તુળો: 17, 20, 18, 23)

## શબ્દો શોધો

